ઇન્દિરા આવાસ યોજનાની સહાયનું હપ્તાવાર ચૂકવણું કરવા બાબત.

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંકઃ આઇએવાય/૧૦૨૦૧૩/એસએફએસ-૨૦/ખ.૨
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮/૦૮/૨૦૧૩

વંચાણે લીધાઃ

૧. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૦/૧૭૬/લ તા. ૩૧/૧/૨૦૧૧,

૨. ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રમાંકઃ એફ નં.જે.૧૧૦૧૪/૨/૨૦૧૨. આરએચ તા. ૪/૨/૨૦૧૩,

૩. ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ ઇન્દિરા આવાસ યોજનાની ગાઇડ લાઇન્સ, જૂન-૨૦૧૩

ઠરાવઃ

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક - ૧ ના તા. ૩૧/૧/૨૦૧૧ ના ઠરાવથી ઇન્દિરા આવાસ તથા રાજ્ય પુરસ્કૃત વિવિધ આવાસ યોજનાઓમાં ચૂકવણાંની પધ્ધતિ અંગે ઠરાવ કરવામાં આવેલ છે. ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક-૨ થી ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા ઇન્દિરા આવાસ યોજનાની યુનિટ કોસ્ટ તા. ૧/૪/૨૦૧૩ થી રૂ. ૪૫,૦૦૦/- થી વધારીને રૂ. ૭૦,૦૦૦/- કરેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૨ ના ભારત સરકારના પત્ર અનુસાર તેમજ આઇએવાયની વંચાણે લીધેલા ક્રમાંક-૩ ની ગાઇડ લાઇન્સ ધ્યાને લઇ લાભાર્થીઓને ચૂકવવાની સહાયની રકમના હપ્તામાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વક વિચારણા અંતે લાભાર્થીઓને ચૂકવવાની સહાયની રકમના હપ્તા નીચે મુજબ નક્કી કરવા આથી ઠરાવવામાં આવે છે. જેમાં નીચેના લેવલે બાંધકામ પહોંચેથી તબક્કાવાર નિયમ અનુસાર ચૂકવણું કરવા ઠરાવવામાં આવે છે.

૧. પ્રથમ હપ્તોઃ- રૂ. ૧૭,૫૦૦/- (વહીવટી મંજૂરીના હુકમ સાથે)
(યુનિટ કોસ્ટના ૨૫% થી વધે નહી તે રીતે)

૨. બીજો હપ્તો:- રૂ. ૪૨,૦૦૦/- (બાંધકામ લીંટલ લેવલે પહોંચ્યા બાદ)
(યુનિટ કોસ્ટના ૬૦% થી ઓછું ન હોય તે રીતે)

૩. ત્રીજો હપ્તો:- રૂ. ૧૦,૫૦૦/- (શૌચાલય સહિત આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી અને લાભાર્થી મકાનમાં રહેવું ચાલુ કરે ત્યારે)
(યુનિટ કોસ્ટના ૧૫% થી વધે નહી તે રીતે)

આ પરિપત્રનો અમલ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એન.મજીઠીયાતર)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્યના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ અને અમદાવાદ.
- ચેરમેન - વ – જીલ્લા વિકાસ અધિકારીશ્રી - તમામ (કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કચેરી મારફતે)
- નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, - તમામ (કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કચેરી મારફતે)
- સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તાલુકા વિકાસ અધિકારીશ્રી - તમામ (નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે)
- ખ.ર/બજેટ/નાણાં શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે અધિકારીશ્રીઓ - શાખાઓ.
- સિલેક્ટ ફાઇલ.